# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ
## એકેડેમિક કાઉન્સીલ(૪૦) તથા એક્ઝીક્યુટીવ કાઉન્સીલની(૭૭) તા.૧૬/૦૯/૨૦૨૧નાં રોજ યુનિવર્સિટી ખાતે યોજાયેલ સંયુક્ત બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલ(૪૦) તથા એક્ઝીક્યુટીવ કાઉન્સીલની(૭૭) સંયુક્ત બેઠક તા.૧૬/૦૯/૨૦૨૧નાં રોજ સવારે ૧૧.૦૦ કલાકે યુનિવર્સિટી ખાતે 'સુધર્મા હોલ' માં આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતાં.

(૧) માન. કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) શ્રી જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ – સભ્યશ્રી
(૩) ડૅા.પંકજ ત્રિવેદી – સભ્યશ્રી
(૪) શ્રી જયશંકરભાઈ રાવલ – સભ્યશ્રી
(૫) ડૅા.લલીતકુમાર એ. પટેલ – સભ્યશ્રી
(૬) ડૅા. આશાબેન માઢક – સભ્યશ્રી
(૭) ડૅા.મહેશકુમાર એચ. ઠાકર – સભ્યશ્રી
(૯) શ્રી અશોક સોમેશ્ર્વર જોષી – સભ્યશ્રી
(૧૧) ડૅા.ગજેન્દ્ર એસ. પાંડા – સભ્યશ્રી
(૧૩) ડૅા.ભાનુકુમાર માલાભાઈ પટેલ – સભ્યશ્રી
(૧૪) કુ.કોમલ શૈલેશભાઈ ભટ્ટ – સભ્યશ્રી
(૧૫) પ્રો.સી.જી.વિજયકુમાર – સભ્યશ્રી
(૧૭) ડૅા.જે.પી.એન.દ્વિવેદી – સભ્યશ્રી
(૧૮) ડૅા. નરેન્દ્રકુમાર પંડયા – સભ્યશ્રી
(૧૯) ડૅા. દિપેશ વી. કતિરા – સભ્યશ્રી
(૨૧) ડૅા.હરિશચંદ્ર કે. ભટ્ટ – સભ્યશ્રી
(૨૨) શ્રી અશ્વિન રાજગોર – સભ્યશ્રી
(૨૩) શ્રી નંદકિશોર મહેતા – સભ્યશ્રી
(૨૪) કુલસચિવ – સભ્યસચિવ

સૌ પ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. તથા બેઠકની શરૂઆત કરતા પહેલાં માનનીય કુલપતિશ્રી તથા કુલસચિવ દ્વારા એક્ઝીક્યુટીવ કાઉન્સીલમાં નવનિયુકત શ્રી જયશંકર રાવલ તથા પુન: નિયુક્ત થયેલા ડૅા.લલિતકુમાર એ. પટેલનું તથા એકેડેમીક કાઉન્સીલમાં નવા નિમાયેલા ડૅા.ગજેન્દ્ર એસ. પંડા, ડૅા.ભાનુકુમાર માલાભાઈ પટેલ, કુ.કોમલબેન શૈલેષભાઈ ભટ્ટ તથા પ્રો.સી.જી.વિજયકુમારનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું ત્યાર બાદ કુલસચિવ દ્વારા એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી તથા ચર્ચા-વિચારણાને અંતે નીચે મુજબના નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી * વેરાવળ

## સંયુક્ત બેઠકના એજન્ડા

**૪૦.૦૧/૭૭.૦૧** ગત એ.સી.ની તા. ૧૫/૦૭/૨૦૨૧ થી આજ દીન સુધી કરેલ કામગીરીનો અહેવાલ.

**ઠરાવ** યુનિવર્સિટી દ્વારા તા.૧૫/૦૭/૨૦૨૧ થી તા.૧૬/૦૯/૨૦૨૧ દિન સુધી કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ કુલસચિવ દ્વારા રજૂ કરવામાં આવ્યો. સૌ મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ કામગીરીથી સંતોષ વ્યક્ત કરેલ અને યુનિવર્સિટી દ્વારા કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૪૦.૦૨/૭૭.૦૨** સંશોધન સમિતિની ૧૦મી અને ૧૧મી બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

**ઠરાવ** તા.૧૨/૦૮/૨૦૨૧ના રોજ યોજાયેલ સંશોધન સમિતિની ૧૦ મી બેઠક તથા તા.૨૫/૦૮/૨૦૨૧ ના રોજ યોજાયેલ સંશોધન સમિતિની ૧૧ મી બેઠક સભ્યશ્રીઓ દ્વારા વંચાણે લેવામાં આવી ત્યાર બાદ તેમાં લેવાયેલ નિર્ણયને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

**૪૦.૦૩/૭૭.૦૩** શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય, અમદાવાદને શિક્ષાશાસ્ત્રી ગ્રાન્ટેડ વર્ગને પરીક્ષા માટેનું જોડાણ આપવા અંગે.

**ઠરાવ** શ્રી વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય, અમદાવાદ દ્વારા કમિશનરશ્રી શાળાઓની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્રક્રમાંક ૮૮/વિશિષ્ટ સંસ્થા/સંપશા/વર્ગ-વધારો/૨૦૨૧/૧૧૫૯-૬૫ તા.૧૬/૦૮/૨૦૨૧ના પત્ર અનુસંધાને વરતંતુ સંસ્કૃત મહાવિદ્યાલય ખાતે શિક્ષાશાસ્ત્રી (ગ્રાન્ટેડ) વર્ગ – ૦૧ ની મંજૂરી આપવામાં આવેલ છે જેને ધ્યાને લઈ તેઓ દ્વારા પત્રક્રમાંક ૦૨/૧૨૭/૨૦૨૧ તા.૦૧/૦૯/૨૦૨૧ થી અત્રેની યુનિવર્સિટી દ્વારા તેઓને પરીક્ષા માટેના જોડાણ આપવા નિવેદન કરેલ જેના અનુસંધાને યુનિવર્સિટી દ્વારા પત્રક્રમાંક સસયુ/જોડાણ/૧૬૨૯/૨૧, તા.૦૮/૦૯/૨૦૨૧ થી અમુક વિગતોની સ્પષ્ટતા મંગાવવામાં આવેલ હતી તે મહાનુભાવો સમક્ષ રજૂ કરવામાં આવી જેને ધ્યાને લઈ સર્વે મહાનુભાવો દ્વારા ચર્ચા-વિચારણા કરી નિર્ણય કરવામાં આવ્યો કે, મુખ્યત્વે જ્યારે કોઈ સંસ્થા શિક્ષાશાસ્ત્રીનો અભ્યાસક્રમ ચલાવવા માંગતી હોય તો તેઓએ પ્રથમ ઉચ્ચ શિક્ષણ વિભાગમાંથી એન.ઓ.સી. તથા એન.સી.ટી.ઈ.ની નિયમોનુસારની માન્યતા મળવ્યા બાદ જ સદર બંને પત્રો યુનિવર્સિટી ખાતે જમા કરાવ્યેથી યુનિવર્સિટી જોડાણ આપી શકે તેથી સંસ્થા બંનેની મંજૂરી મેળવી જો ૦૧ માસની સમયમર્યાદામાં નિયમ ફોર્મ તથા ફી જમા કરાવ્યેથી જોડાણ આપી શકાય જે વિદ્યાર્થીના હિતમાં રહેશે અન્યથા યુનિવર્સિટી દ્વારા શિક્ષાશાસ્ત્રી જોડાણ કે પ્રવેશ કે પરીક્ષાનું જોડાણ આપી શકાય નહીં માટે જો સંસ્થા/મહાવિદ્યાલય ઉક્ત બંને જગ્યાએથી મંજૂરી મેળવી યુનિવર્સિટીને આધાર સાથેનો પત્ર પાઠવે તો શિક્ષાશાસ્ત્રીનું જોડાણ NCTE ની શરતો જે હોય તે મુજબ આપવું અન્યથા જોડાણના તમામ પત્રો તથા મંજૂરી મેળવી આવતા વર્ષે જોડાણ માટે યુનિવર્સિટીને દરખાસ્ત કરે તેમ ઠરાવવામાં આવ્યું અને ચાલું વર્ષે કરેલ દરખાસ્ત મુજબ માત્ર પરીક્ષા માટેનું જોડાણ આપી શકાય નહીં તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.



સંસ્કૃત વેરાવળ

**૪૦.૦૪/૭૭.૦૪** શ્રી કૃષ્ણાશ્રમ વૈદિક પાઠશાળા, બોલુંદરાને શાસ્ત્રીની નવી માન્યતા અંગે.

**ઠરાવ** શ્રી કૃષ્ણાશ્રમ વૈદિક પાઠશાળા, બોલુંદરાના પત્રક્રમાંક ૦૮/૨૦૨૧-૨૦૨૨, તા.૩૧/૦૮/૨૦૨૧ થી તેઓ શાસ્ત્રી કક્ષાનું જોડાણ મેળવવા બાબતે સર્વે મહાનુભાવો દ્વારા ચર્ચા-વિચારણા કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક ૮૮/વિશિષ્ટ/સંપાશા/વર્ગ વધારો/૨૦૨૧/૧૧૭૨-૧૧૭૮.માં દર્શાવેલ તમામ શરતોને ધ્યાને લઈ શ્રી કૃષ્ણાશ્રમ વૈદિક પાઠશાળા, બોલુંદરાને શાસ્ત્રી કક્ષાની માન્યતા આપવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૪૦.૦૫/૭૭.૦૫** સંધ્યાગીરી સંસ્કૃત પાઠશાળા, સામખીયાળીને આચાર્યની માન્યતા અંગે.

**ઠરાવ** સંતશ્રી સંધ્યાગીરી બાપુ સંસ્કૃત વેદ વિદ્યાલય, સામખીયાળીના પત્રક્રમાંક જા.નં.-૧૫,તા.૦૨/૦૯/૨૦૨૧ થી તેઓ આચાર્ય કક્ષાનું જોડાણ મેળવવા બાબતે સર્વે મહાનુભાવો દ્વારા ચર્ચા-વિચારણા કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રક્રમાંક ૮૮/વિશિષ્ટ/સંપાશા/વર્ગ વધારો/૨૦૨૧/૧૧૭૯-૧૧૮૪માં દર્શાવેલ તમામ શરતોને ધ્યાને લઈ સંતશ્રી સંધ્યાગીરી બાપુ સંસ્કૃત વેદ વિદ્યાલય, સામખીયાળીને આચાર્ય કક્ષાની માન્યતા આપવી તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.

**૪૦.૦૬/૭૭.૦૬** નવજાગૃતિ સંસ્કૃત કૉલેજ, વ્યારાના જોડાણ રિન્યુ અંગે.

**ઠરાવ** નવજાગૃતિ સંસ્કૃત કૉલેજ, વ્યારાના જોડાણ રિન્યુ અંગેની તમામ વિગતોનો અહેવાલ કુલસચિવ દ્વારા મહાનુભાવો સમક્ષ રજૂ કરવામાં આવ્યો જેમાં એલ.આઈ.સી ના આવેલ રિપોર્ટને અનુસંધાને તા.૦૫/૦૮/૨૦૨૧ તથા તા.૦૭/૦૯/૨૦૨૧ ના રોજ કરેલ બેઠકનાં રોજકામને માન્ય રાખી તેમાં લેવાયેલ નિર્ણય અનુસાર તા.૦૭/૦૯/૨૦૨૧નાં રોજકામમાં જણાવેલ ક્રમ નંબર ૧ થી ૯ની મુજબ સંસ્થા જો દિન-૧૫માં મર્યાદામાં પોતાના લેટર પેડ પર બાહેંધરી આપે તો તેમને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ની માન્યતા રિન્યુ કરવી અન્યથા સંસ્થાનું જોડાણ ક્રમશઃ રદ કરવું. ચાલુ વર્ષે પ્રથમ વર્ષમાં તે સંસ્થાનું એનરોલમેન્ટ કરવું નહીં તેમ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

**૪૦.૦૭/૭૭.૦૭** BAPS સંસ્કૃત મહાવિદ્યાલય ખાતે ડિપ્લોમા ઈન સંસ્કૃત લેગ્વેંજ અભ્યાસક્રમની ઓનલાઈન મંજૂરી અંગે.

**ઠરાવ** BAPS સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે નૂતન ડિપ્લોમા ઈન સંસ્કૃત લેંગ્વેજ કોર્ષ ઓનલાઈન ચલાવવા બાબતે મંજૂરી આપવા અંગે સર્વે મહાનુભાવો દ્વારા ચર્ચા વિચારણા કરી વિદ્યાર્થીઓની સદર કોર્ષ માટેની માંગ તેમજ મહાવિદ્યાલય પાસેથી જરૂરી સુવિધાને ધ્યાને લઈ સદર કોર્ષ ઓનલાઈન ચલાવવાની તથા તેની પરીક્ષા પણ ઓનલાઈન લેવાની સર્વાનુમતે મંજૂરી આપેલ હતી.

**૪૦.૦૮/૭૭.૦૮** યુનિવર્સિટી ખાતે તા.૧૭ થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન નેકની પિઅર ટીમની યુનિવર્સિટી ખાતે રૂબરૂ મુલાકાત અંગે.

**ઠરાવ** શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે તા.૧૭/૦૯/૨૦૨૧ થી તા.૧૯/૦૯/૨૦૨૧ સુધી યુજીસી નેકની પિઅર ટીમ રૂબરૂ મુલાકાત લઈ રહી છે સદર બાબત અંગે યુનિવર્સટી દ્વારા નેકને ધ્યાને લઈ કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી તેમજ યુનિવર્સિટીને તા.૧૫/૦૯/૨૦૨૧ ના રોજ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનો 12(B) Of the UGC ACT,1956 માં સમાવેશ થતા સર્વે મહાનુભાવો દ્વારા માનનીય કુલપતિશ્રીને અભિનંદન પાઠવવામાં આવેલ હતા તથા કરેલ કામગીરીથી સંતોષ વ્યક્ત કરી આગામી સમયમાં પણ યુનિવર્સિટી આવી જ રીતે પ્રગતિ કરતી રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

<u>૪૦.૦૯/૭૭.૦૯</u> મહાનુભાવોના સૂચનો.

- કુલસચિવ દ્વારા સંશોધન કેન્દ્રની માન્યતા આપવા માટેના જે કમિટિ દ્વારા નિયમો તૈયાર કરવામાં આવેલ છે તે રજૂ કરવામાં આવેલ સદર બાબતે તમામ મહાનુભાવો દ્વારા એવું સૂચવવામાં આવેલ કે, તૈયાર થયેલા નિયમોને તમામ સભ્યશ્રીઓને ઈ-મેઈલના માધ્યમથી મોકલી આપવામાં આવે સૌ સભ્યશ્રીઓને કોઈ સૂચન હોય તો તે મોકલી આપે જેને ધ્યાને લઈ આગામી એકેડેમીક કાઉન્સીલમાં સદર બાબત મૂકવામાં આવે અને આગામી બેઠકમાં ચર્ચા-વિચારણા કરી બહાલી આપવામાં આવે તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું.
- માન.કુલપતિશ્રી ગોપબંધુ મિશ્ર સાહેબની કાર્યવધિ તા.૨૨/૦૯/૨૦૨૧ ના રોજ સમાપ્ત થઈ રહી છે ત્યારે તમામ સભ્યશ્રીઓ દ્વારા કુલપતિશ્રી દ્વારા પોતાની કાર્યાવધિ દરમિયાન યુનિવર્સિટીના ભૌતિક, શૈક્ષણિક તથા સાર્વાંગિક વિકાસ તથા ખાસ કરીને વિદ્યાર્થી કેન્દ્રિત જે પ્રવૃત્તિઓ કરવામાં આવેલ તે બદલ તથા યુનિવર્સિટીને નવા શિખર પર પહોંચાડી તે બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને સર્વે મહાનુભાવોએ તેની નોંધ લઈ અભિનંદન પ્રસ્તાવ મૂકવામાં આવેલ. જે સર્વે સભ્યોએ વધાવી લઈ પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો.

<u>૪૦.૧૦/૭૭.૧૦</u> અધ્યક્ષસ્થાનેથી રજૂ થાય તે.

માનનીય કુલપતિશ્રી દ્વારા સૌ મહાનુભાવોનો ત્રણ વર્ષ દરમિયાન સાથ-સહકાર મળી રહ્યો ત્યારે યુનિવર્સિટીના વિકાસના કામો થયા છે અને તે માટે સૌ સત્તામંડળનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ યુનિવર્સિટીનો વિકાસ ખૂબ થાય અને આગામી સમયમાં પણ ખૂબ સહકાર મળી રહેશે તે તેમજ યુનિવર્સિટીનો ખૂબ વિકાસ થાય તે માટે શુભેચ્છાઓ આપી હતી.

કુલસચિવ દ્વારા સંયુક્ત બેઠક પૂર્ણ કરતા પહેલા બેઠકમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. સંયુક્ત બેઠક પૂર્ણ થયા બાદ એક્ઝીક્યુટીવ કાઉન્સીલની અલગથી બેઠકનો પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં એક્ઝીક્યુટીવ કાઉન્સિલનાં એજન્ડાને ધ્યાને લઈ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જે બાબતે એક્ઝીક્યુટીવ કાઉન્સીલની બેઠકની કાર્યનોંધ અલગથી તૈયાર કરવામાં આવેલ છે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ